# માતા-પિતાનો શુદ્ધ પ્રેમ : બાળકો માટે એક પવિત્ર નજરાણું

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

મને રસોઈ બનાવતાં નથી આવડતું તેમ માનીને એક વડીલે મને મજાકમાં 'ડોબી' કહીને બોલાવી. મારું મગજ તરત જ તારણ કાઢવામાં લાગી ગયું કે, તેઓનો સ્વર મજાકનો હતો કે પૂર્વગ્રહયુક્ત હતો. મને તે પૂર્વગ્રહયુક્ત લાગતો હતો.

પછી તો, તે ક્ષણે જ મારા દિલમાં એક ભાવુક પ્રતિક્રિયા રૂપે પીડાએ જન્મ લીધો. આમ તો આવા પ્રસંગે નિર્દોષબુદ્ધિ રાખવા અને શિખવવામાં આવેલા અન્ય આધ્યાત્મિક બોધપાઠ મારા મનમાં યાદ આવવા જોઈતા હતા. પરંતુ, મને તે કંઈ પણ યાદ આવે તે પહેલાં જ મારા મને તે પીડા પ્રત્યે કેવી રીતે સાહજિક પ્રતિક્રિયા આપી દીધી તે જોઈને મને આશ્ચર્ય થયું.

મારું મન મને કહી રહ્યું હતું કે, 'તે વડીલે જે કહ્યું તે તારા માટે ઉચિત નહોતું. તારા ગુરુએ કે તારાં માતા-પિતાએ પણ તને ક્યારેય આવા અસભ્ય શબ્દથી બોલાવી નથી. વળી, **તને જે કહેવામાં આવ્યું, તે પ્રેમથી પણ નથી કહેવાયું, તો તે તારા માટે તો નહિ જ કહેવાયું હોય.'**

પણ હું જરાય વિચલિત થયા વગર સસ્મિત ત્યાંથી ચાલી નીકળી. મારા માટે આવું કેવી રીતે શક્ય બન્યું ? વર્ષોથી મારાં માતા-પિતા મારી પર એટલો બધો પ્રેમ વરસાવી રહ્યાં છે કે જ્યારે કંઈ પણ અપ્રિય સાંભળવામાં આવે ત્યારે તે મને અયોગ્ય જ લાગે છે. જો કોઈ બાબત આદરપૂર્વક પ્રસ્તુત ના થાય તો તેને જતી કરવી તે મારા માટે સહજ છે. **જો તમે તમારાં બાળકોને ભરપૂર પ્રેમ ને આદર આપ્યા હોય તો તેઓ પોતાના માટે જે કંઈ પણ યોગ્ય નહિ હોય તેનો સાહજિક રીતે અસ્વીકાર કરી શકશે.**

સંતભગવંત સાહેબદાદાએ પણ કહ્યું છે કે, જો કોઈ આપણને ગધેડો કહે એટલે શું આપણે તેવા થઈ જઈશું ? એનો અર્થ કે શું હવે આપણા કાન મોટા થઈ જશે અને પૂંછડી ઊગી નીકળશે ? **જો આપણે તેની સામે કોઈ પ્રતિક્રિયા આપીએ કે વિચલિત થઈએ તો એનો અર્થ એવો થાય કે, તેમણે આપણને જે શબ્દો કહ્યા તેનો આપણે સ્વીકાર કર્યો છે.**

મારાં માતા-પિતાએ મને પ્રેમ શું છે ? તેનું સાચું દર્શન કરાવ્યું છે તેથી હવે જ્યાં પ્રેમ નથી હોતો તેને હું સારી રીતે સમજી શકું છું. જ્યારે કોઈ મારી સાથે ઊંચા સાદે વાત કરે છે અથવા મારી સાથે આદરપૂર્વક વર્તણૂક નથી કરતા ત્યારે મારા મનમાં એલાર્મની ઘંટડી વાગી ઊઠે છે. હું જાણું છું કે, જેઓએ મારો ઉછેર કર્યો છે ને મારો ખરાબ સમય પણ જોયો છે અને ત્યારે પણ તેઓએ મને પ્રેમ જ આપ્યો છે; તો **તેથી કંઈ પણ ઓછું સ્વીકારું તે મારામાં રહેલા ભગવાનને પણ નહિ ગમે.**

આ જ રીતે, ભગવાને અને ગુરુએ ઉચ્ચ કક્ષાના પ્રેમ માટેનો આદર્શ સ્થાપ્યો છે. કેટલાંક વર્ષો પહેલાં, મારી કિશોરાવસ્થામાં મને અને મારાં કેટલાક સત્સંગી મિત્રોને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાને બીજા શહેરમાં લઈ જવાની સેવા સોંપવામાં આવી. તે રાત્રે કલાકેકની મુસાફરી દરમિયાન આછા પ્રકાશવાળા રસ્તાઓ સમારકામના કારણે બંધ થઈ ગયા હતા, તેથી અમારે બીજા રસ્તા તરફ ફંટાવવું પડ્યું અને એમાં અમે ભૂલાં પડી ગયાં. કલ્પના કરો કે, એક સદ્‌ગુરુ સંત અને તેઓની સાથે હાલમાં જ નવું ડ્રાઈવિંગ લાયસન્સ મળ્યું છે તેવી ત્રણ કિશોરીઓ. કોઈ પણ સમજી શકે કે, ઘરના લોકો ચિંતા અને ગભરાટમાં કેવા આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હશે અને કદાચ તેમના પ્રિય શાંતિદાદાને અમારી સાથે મોકલવા બદલ કેવો અફસોસ કરી રહ્યા હશે.

આખરે જ્યારે અમે અમારા મુકામે પહોંચ્યાં ત્યારે શાંતિદાદા અમારા બચાવમાં આવ્યા. તેઓએ મુસાફરી દરમિયાન રસ્તાના કુદરતી સૌંદર્યનું વર્ણન કર્યું અને અમારી સાથે વધુ સમય વિતાવવા મળ્યો તેની ખુશી વ્યક્ત કરી. અમારી આવી ભૂલથી કેટલાક શાણા વડીલો બેચેન થયા હશે, પણ શાંતિદાદાએ તો અમારી સાથે હરહંમેશની જેમ જ પ્રેમપૂર્વક વ્યવહાર કર્યો.

**તેઓએ આવો વ્યવહાર કરવાની કંઈ જરૂર નહોતી.** ભૂલા પડવા બદલ તેઓ અમને દોષ દઈ શક્યા હોત અને અમે બિનજવાબદાર કિશોરીઓ છીએ તેવું પણ તેઓ માની શક્યા હોત. પરંતુ, તેના બદલે શાંતિદાદાએ તો પોતાના સાહજિક સ્વભાવ મુજબ અમને સૌને દિવ્ય અને નિર્દોષ જ માન્યાં. તે સમયે પણ ભગવાન અમારાં દ્વારા કાર્ય કરી રહ્યા છે તેવા ભાવ અને જાગ્રતતા સાથે તેઓએ અમારી પર અપાર પ્રેમ વરસાવ્યો.

બીજાઓને તુંકારે અથવા મોટા અવાજે બોલાવવા તે કંઈ પ્રેમ નથી. ભૂલો બદલ તેઓની આલોચના કરવી તે પણ પ્રેમ નથી. બીજા સાથે તેઓની સરખામણી કરવાની નથી કે તેઓ કંઈ અલગ હોય તેવી આશા રાખવાની નથી. હું આ જાણું છું કારણ કે, મારા ગુરુએ મને ખૂબ પ્રેમ આપ્યો છે.

મારા ગુરુનો પ્રેમ કેવો છે ? તેમને મન તો સર્વમાં રહેલા ગુણોનાં દર્શન કરવાં એ પ્રેમ છે. આત્માને શાંતિ પમાડે તેવી મધુર વાણીનો ઉપયોગ કરવો તે પ્રેમ છે. કોઈની ભૂલ થાય ત્યારે સહન કરવું અને ક્ષમા આપવી તે પ્રેમ છે. તેઓ જેવા છે તેવા તેમનો સ્વીકાર કરવો તે પ્રેમ છે.

આપણા ગુરુએ આપણા માટે જે આદર્શ પૂરો પાડ્યો છે તેનું આપણે અનુસરણ કરીએ. તેઓએ આપણને શુદ્ધ અને અપાર પ્રેમ આપવાની રીત શિખવાડી છે. પ્રેમ શું છે તેની આપણી પાસે સચોટ રૂપરેખા હોવાથી પ્રેમ શું નથી તે આપણે ઓળખી શકીશું.

ચાલો, આપણે આપણાં બાળકો અને સ્નેહીજનોને આ જ પવિત્ર ભેટ આપીએ : જ્યારે આપણે તેમને પ્રેમ કેવો હોય તેનો અનુભવ ઘરમાં કરાવીશું, ત્યારે તેઓ માટે ઘરની બહાર કુસંગથી બચવા માટેનું કવચ ઊભું થશે. ત્યાર પછી તેઓ માત્ર શુદ્ધ પ્રેમનો જ સ્વીકાર કરશે અને પરિણામે સમગ્ર વિશ્વમાં તેઓ પ્રેમ ફેલાવશે. ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-એપ્રિલ, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)